GJJM110019562023

सत्यमेव जयते

**CC NO. 1701 /2023**
**Exhibit No.**

## (નમુનો :– અ)

| કાલાવડના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ખમલ સાહેબની કોર્ટમાં, મુ.કાલાવડ, જી.જામનગર | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૨૨/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૭૦૧/ ૨૦૨૩ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર** | : : | કાલવડ પો.સ્ટે. ગુ.ર.નં. : – ૧૧૨૦૨૦૩૦૨૩૦૨૬૫ / ૨૦૨૩ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | ( ફરીયાદી : **કંચનબેન વા/ઓ જેસીંગભાઈ ખંઢેરા** ) | |
| **વિદ્વાન એ.પી.પી.શ્રી** | : | ડી.ડી.કારીયા | |
| **આરોપી** | : | **૧.** | **રમેશભાઈ સ/ઓ. બાવનજીભાઈ જુઠાભાઈ તાળા** ઉ.વ.આ.૫૮ , ધંધો: મજુરી રહે. કસ્તુરી એવીરી, જીવરાજ પાર્ક પાછળ, કોટયાર્ડ ફલેટ–એફ–૧૦૦૪, રાજકોટ |
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | કે.પી.વૈષ્ણવ |

## (નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૦૪/૦૭/૨૦૨૩ |
| **ફરીયાદની તારીખ** | : | ૦૬/૦૭/૨૦૨૩ |
| **અહેવાલની તારીખ** | : | ૨૯/૦૯/૨૦૨૩ |
| **ચાર્જફ્રેમની તારીખ** | : | ૨૮/૧૧/૨૦૨૩ |

| | | |
|---|---|---|
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૧૪/૦૨/૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૨૨/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૨/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | |

**: આરોપીની વિગત :**

| નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમેશભાઈ સ/ ઓ. બાવનજીભાઈ જુઠાભાઈ તાળા | ૧૨/૭/૨૩ | ૧૨/૭/૨૩ | ઈ.પી.કો.કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ – ૧૭૭, ૧૮૪, ૧ ૩૪ મુજબ. | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| અનુ નં | નામ | આંક | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | કંચનબેન જયસીંગભાઈ ખંઢેરા ની જુબાની | ૫ | ફરીયાદી |
| ૨ | નરેન્દ્રભાઈ જયસંગભાઈ ખંઢેરા ની જુબાની | ૭ | સાહેદ |
| ૩ | નાથાભાઈ વાલજીભાઈ ખંઢરા ની જુબાની | ૯ | સાહેદ |
| ૪ | લખનભાઈ કાનજીભાઈ ખંઢેરા ની જુબાની | ૧૦ | સાહેદ |
| ૫ | લાલજીભાઈ બાવાભાઈ ખંઢેરા ની જુબાની | ૧૧ | સાહેદ |
| ૬ | અતુલકુમાર કાંતિલાલ ચોહાણ ની જુબાની | ૧૨ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ભાવેશભાઈ મનસુખભાઈ ગેડીયા ની જુબાની | ૧૨ | પંચ સાહેદ |
| ૮ | મુકેશભાઈ મુળજીભાઈ ગેડીયા ની જુબાની | ૧૪ | પંચ સાહેદ |
| ૯ | દીનેશભાઈ રમેશભાઈ વઘેરા ની જુબાની | ૧૫ | પંચ સાહેદ |
| ૧૦ | દેવાભાઈ માણાભાઈ ગેડીયા ની જુબાની | ૧૭ | સાહેદ |
| ૧૧ | લીલાબેન ધનજીભાઈ ગેડીયા ની જુબાની | ૧૮ | સાહેદ |
| ૧૨ | નીતાબેન અતુલભાઈ ચૌહાણ ની જુબાની | ૧૯ | સાહેદ |
| ૧૩ | મહેન્દ્રભાઈ ચનાભાઈ પાનસુરીયા ની જુબાની | ૨૦ | સાહેદ |
| ૧૪ | ડો.રીના મયુરેશકુમાર પારીખ ની જુબાની | ૨૧ | સાહેદ |
| ૧૫ | હીતેનકુમાર ભગવાનજીભાઈ વડાલીયા ની જુબાની | ૨૭ | ત.ક.અ. |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૬ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૩ |
| ૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |
| ૪ | સારવાર સર્ટી | ૨૨–૨૩ |

**: : ઠ રા વ : :**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૪/૦૭/૨૦૨૩ ના ક. ૬ થી ૬:૩૦ વાગ્યા અરસામાં કાલાવડ બાલંભડી રોડ, ટાઉન બીટ વિસ્તારે આ કામના ફરીયાદી કંચનબેન વા/ઓ. જેસીંગભાઈ ખંઢેરા તથા તેમના પતિ જેસીંગભાઈ દામજીભાઈ ખંઢેરા વાળા તેઓ બન્ને ગઈ તા. ૦૪/૭/૨૦૨૩ ના સાંજના છ વાગ્યાની આસપાસ તેઓનુ મો.સા. રજી નં. જીજે ૦૩ ડીસી ૪૦૬૫ વાળુ લઈને કાલાવડથી તેઓના ગામ દડવી જતા હોય અને મો.સા ફરીયાદીના પતિ મરણજનાર જેસીંગભાઈ ચલાવતા હોય એ દરમિયાન

કાલાવડથી બે એક કીલોમીટર આગળ બાલભંડી ગામ તરફ પહોચતા સામેથી આ કામના આરોપી બાવનજીભાઈ તાળાએ પોતાની ફોરવ્હીલ ગાડી રજી નં. જીજે ૦૩ એફ.કે ૭૩૮૦ વાળી પુર ઝડપે બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના મો.સા સાથે ભટકાડી પોતાની ફોરવ્હીલ લઈ નાશી જઈ ફરીયાદી કંચનબેનને શરીરે પીઠના ભાગે તથા પડખાના ભાગે મુંઢ ઈજાઓ કરી તથા જમણા પગે ગોઠણના ભાગે છોલછાલ ઈજા કરી તથા ફરીયાદીના પતિ જેસીંગભાઈ દામજીભાઈ ખંઢેરાને કપાળના ભાગે જમણી આંખ ઉપર ગંભરી ઈજા કરી તથા ડાબા પગે પેનીના ભાગે ઈજા કરતા ફરીયાદીના પતિ મરણજનાર જેસીંગભાઈ ઉ.વ ૫૦ વાળાને થયે ઈજાના કારણે મોત નીપજતા ગુનો કરેલ હોય જે એકદરે થયેલ તપાસ પરથી પડેલ પુરાવાના આધારે ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના આરોપી વિરુધ્ધ કાલાવડ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ નો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) આ કામે હાલના આરોપીએ મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીએ વિરુધ્ધ હાલના ગુના સંબંધી તેઓની સામેના ગુનાની હકીકતો વાંચી, સંભળાવી સમજાવવામાં આવતાં આ કામના આરોપીને આંક–૦૩ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉક્તિ કરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ કામ આરોપીનું વિશેષ

નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલા નથી તેમજ વિશેષમાં કાંઈ કહેવું છે તેના જવાબમાં જણાવેલ છે કે અમો નિર્દોષ છીએ અમારે પર ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયાનાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે. તે ઉપરાંત આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>૧</u> શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા. ૦૪/૦૭/૨૦૨૩ ના ક. ૬ થી ૬:૩૦ વાગ્યા અરસામાં કાલાવડ બાલંભડી રોડ, ટાઉન બીટ વિસ્તારે આ કામના ફરીયાદી કંચનબેન વા/ઓ. જેસીંગભાઈ ખંઢેરા તથા તેમના પતિ જેસીંગભાઈ દામજીભાઈ ખંઢેરા વાળા તેઓ બન્ને ગઈ તા. ૦૪/૭/૨૦૨૩ ના સાંજના છ વાગ્યાની આસપાસ તેઓનુ મો.સા. રજી નં. જીજે ૦૩ ડીસી ૪૦૬૫ વાળુ લઈને કાલાવડથી તેઓના ગામ દેડવી જતા હોય અને મો.સા ફરીયાદીના પતિ મરણજનાર જેસીંગભાઈ ચલાવતા હોય એ દરમિયાન કાલાવડથી બે એક કીલોમીટર આગળ બાલભંડી ગામ તરફ પહોચતા સામેથી આ કામના આરોપી બાવનજીભાઈ તાળાએ પોતાની ફોરવ્હીલ ગાડી રજી નં. જીજે ૦૩ એફ.કે ૭૩૮૦ વાળી પુર ઝડપે બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના મો.સા સાથે ભટકાડી પોતાની ફોરવ્હીલ લઈ નાશી જઈ ફરીયાદી કંચનબેનને શરીરે પીઠના ભાગે તથા પડખાના ભાગે મુંઢ ઈજાઓ કરી તથા જમણા પગે ગોઠણના ભાગે છોલછાલ ઈજા કરી તથા ફરીયાદીના પતિ જેસીંગભાઈ દામજીભાઈ ખંઢેરાને કપાળના ભાગે જમણી આંખ

ઉપર ગંભરી ઈજા કરી તથા ડાબા પગે પેનીના ભાગે ઈજા કરતા ફરીયાદીના પતિ મરણજનાર જેસીંગભાઈ ઉ.વ ૫૦ વાળાને થયે ઈજાના કારણે મોત નીપજાવી ઈ.પી.કો.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

<u>૨</u> શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના તેઓના ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

<u>૧</u> નકારમાં

<u>૨.</u> આખરી હુકમ મુજબ

**<u>: : કા ર ણો : :</u>**

(૮) **<u>મુદ્દા નં. ૧ અને ૨:–</u>**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે હાલના ફરીયાદ પક્ષ તરફથી **આંક–૧૪** થી આ કામ **ફરીયાદી કંચનબેન જયસીંગભાઈ ખંઢેરા** નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા.૪/૭/૨૦૨૩ ના રોજ તેઓ તથા તેમના પતિ તેઓના મો. સા.માં કાલાવડ તેઓના કાકીજી સાસુની ખબર અંતર કાઢવા માટે આવેલા હતા. સાંજે સાળા છ આસપાસ અમે પરત તેઓના ગામ દડવી જતા હતા ત્યારે સામેથી એક સફેદ કલરની મારુતિ ફોર વ્હીલર ગાડીના ચાલકે સામેથી આવી તેઓના મો સા સાથે અકસ્માત કરેલો. આ અકસ્માત થતા તેઓ પડી ગયેલી તેમને સામાન્ય ઈજા થયેલી અને તેઓ બેભાન થઈ ગયેલી તેઓના પતિને કયાં લાગેલુ તે મને ખબર નથી. આ બનાવ સમયે તેઓના કાકાજી સસરા અને તેઓના જેઠ સાથે હોય જેમણે ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ એમ્બયુલન્સ આવી જતા

રાજકોટ સીવીલ હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલા. જયા ફરજ પરના હાજર ડોકટરશ્રીએ તપાસીને તેઓના પતિને મરણ ગયેલાનુ જણાવેલ. આ અકસ્માતમા સામે જે ફોર વ્હીલર ગાડી હતી જેના નંબર મને ખબર નથી કે તેઓનાં તેના ચાલકને જોએથી ઓળખી શકતા નથી આ અકસ્માતનો બનાવ કોની બેદરકારીના કારણે થયેલો તે હું કહી શકુ નહીં. જેમના વિરુધ્ધ ધોરણસર થવા અમોએ ફરિયાદ આપેલ જે ફરીયાદ **આંક–૧૫** થી રજુ છે.

ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદી જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, અકસ્માતવાળો રસ્તા એથી ઘણાબધા ગામડે જવાઈ છે જયા સતત વાહનોની અવર જવર ચાલુ હોય છે. એ વાત કબુલ કરે છે કે, અકસ્માત વાળી જગ્યાએ આજુબાજુમા ખેતીની જમીનો આવેલી છે. એ વાત કબુલ કરે છે કે, આ અકસ્માત થયેલ ત્યાર પછી બનાવવાળી જગ્યાએ તેઓ કયારેય ગયેલ નથી. બનાવ વખતે તેઓ મો સા માં પાછળ બેઠેલી હતી. અકસ્માતના બનાવ વખતે તેઓ મો સા ઉપર ડાબી બાજુ બન્ને પગ રાખી ડાબી બાજુ મોઢુ રાખી બેઠેલ હતી. અકસ્માત થતા તેઓ મો સા ઉપર પડી બેભાન થઈ ગયેલી જેથી અકસ્માત વખતે ત્યાં કેટલા માણસો ભેગા થઈ ગયેલા તેની તેઓને કાંઈ ખબર નથી. તેઓ અકસ્માતમા થયેલી ઈજાની સારવાર લીધેલી હતી એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓની સરતપાસમા જણાવેલ હકીકતે કે ' ગઈ તા.૪/૭/૨૦૨૩ ના રોજ તેઓ તથા તેઓના પતિ તેમને મો સામા કાલાવડ તેઓનાા કાકીજી સાસુની ખબર અંતર કાઢવા માટે આવેલા હતા. સાંજે સાળા છ આસપાસ તેઓ પરત તેઓના ગામ દડવી જતા હતા ત્યારે સામેથી એક સફેદ કલરની મારુતિ ફોર વ્હીલર ગાડીના ચાલકે સામેથી આવી તેઓના મો સા સાથે અકસ્માત કરેલો. આ અકસ્માત થતા તેઓના પડી ગયેલી તેમને સામાન્ય ઈજા થયેલી અન તેઓ બેભાન થઈ ગયેલી તે હકીકત ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ જે મો સા મા જતા હતા તે મો સા સ્લીપ થઈ જતા આ કામનો બનાવ બનેલો. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૭ થી સાહેદ **નરેન્દ્રભાઈ જયસંગભાઈ ખંઢેરા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ

તા.૪/૭/૨૦૨૩ ના રોજ તેઓ મેટોડા જી આઈ ડી સી થી અમારા ગામ દડવી જતો હતો ત્યારે તેઓના કાકા નાથાભાઈ વાલજીભાઈનો ફોન આવેલો અને કહેલ કે તારા પપાનુ બાલભંડી પાસે એકસીડન્ટ થયેલ છ તો તુ આવી જા આમ વાત કરતા હું રાજકોટ સીવીલ હોસ્પિટલે પહોંચેલો. ત્યાં ફરજ પરના હાજર ડોકટરશ્રીએ તપાસીને તેઓના પપાને મરણ ગયેલાનુ કહેલ. આ બનાવ કઈ રીતે બનેલો તે હકીકત તેઓ તેમના દાદાએ જણાવેલી. આ બનાવમા મારા પપા ટુ વ્હીલર લઈને જતા ત્યારે સામેથી એક ફોર વ્હીલર સફેદ કલર ની ગાડી હતી જેના નંબર કે તેના ચાલકનુ નામ તેઓને આજદીન સુધી ખબર નથી. આ અકસ્માતનો બનાવ કોની બેદરકારીના કારણે થયેલો તે હું કહી શકુ નહીં. પોલીસે મારો જવાબ લીધેલો.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, બનાવ મેં નજરે જોએલ નથી જેથી બનાવની તેઓને જાત માહીતી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છેકે, તેઓની સરતપાસમા જણાવેલ હકીકત કે ' ગઈ તા.૪/૭/૨૦૨૩ ના રોજ તેઓ મેટોડા જી આઈ ડી સી થી તેઓના ગામ દડવી જતો હતો ત્યારે તેઓના કાકા નાથાભાઈ વાલજીભાઈનો ફોન આવેલો અને કહેલ કે તારા પપાનુ બાલભંડી પાસે એકસીડન્ટ થયેલ છ તો તુ આવી જા આમ વાત કરતા તેઓ રાજકોટ સીવીલ હોસ્પિટલે પહોંચેલો.' ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે,આરોપી પાસેથી ખોટી રીતે પૈસા મેળવવા હાલની ખોટી ફરિયાદ કરવામ ાઆવેલ છે જેના સમર્થનમા સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૯ થી સાહેદ **નાથાભાઈ વાલજીભાઈ ખંઢરા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા આશરે ૪/૧ ૨/૨૦૨૩ ના રોજ હું ખરેડી મુકામે હતો ત્યારે મારા ભાત્રીજાની પત્નિનો ફોન આવેલો અને વાત કરેલ કે મારા ભત્રીજા જેસીગભાઈનુ બાલભંડી પાસે એકસીડન્ટ થયેલ છે આમ વાતની જાણ કરેલી. આ સીવાય હું કયાય ગયેલ નથી. બનાવમા ફોર વ્હીલર હતુ આથી વિશેષ મને કોઈ જાત માહીતી નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, બનાવ તેઓએં નજરે જોએલ નથી તેથી બનાવ કોની બેદરબારીને કારણે બનેલ તે તેઓ કહી શકુ નહી.

એ વાત કબુલ કરે છે કે અકસ્માતમા જે ફોર વ્હીલર કારની વાત છે તે ફોર વ્હીલર કારના નંબર કે ચાલક વિશે મને આજદીન સુધી ખબર નથી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ **લખનભાઈ કાનજીભાઈ ખંઢેરા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા આશરુ તા.૪/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ ખરેડી મુકામે હતો ત્યારે તેઓના દાદા નાથાભાઈનો ફોન આવેલો અને વાત કરેલ કે તેઓના કાકા જેસીગભાઈનુ બાલભંડી પાસે એકસીડન્ટ થયેલ છે આમ વાતની જાણ કરેલી. આ સીવાય તેઓ કયાય ગયેલ નથી. બનાવમા ફોર વ્હીલર હતુ આથી વિશેષ મને કોઈ જાત માહીતી નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોએલ નથી તેથી બનાવ કોની બેદરકારીને કારણે બનેલ તે તેઓ કહી શકુ નહી. એ વાત કબુલ કરે છે કે, અકસ્માતમા જે ફોર વ્હીલર કારની વાત છે તે ફોર વ્હીલર કારના નંબર કે ચાલક વિશે મને આજદીન સુધી ખબર નથી.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ **લાલજીભાઈ બાવાભાઈ ખંઢેરા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા આશરે ૪/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ ખરેડી મુકામે હતો ત્યારે તેઓ ભત્રીજાના પત્નિનો ફોન આવેલો અને વાત કરેલ કે તેઓના ભત્રીજા જેસીગભાઈનુ બાલભંડી પાસે એકસીડન્ટ થયેલ છે આમ વાતની જાણ કરેલી. આ સીવાય તેઓ કયાય ગયેલ નથી. બનાવમા ફોર વ્હીલર હતુ આથી વિશેષ તેઓના કોઈ જાત માહીતી નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, બનાવ તેઓ નજરે જોએલ નથી તેથી બનાવ કોની બેદરબારીને કારણે બનેલ તે તેઓ કહી શકુ નહી. એ વાત કબુલ કરે છે કે, અકસ્માતમા જે ફોર વ્હીલર કારની વાત છે તે ફોર વ્હીલર કારના નં બર કે ચાલક વિશે તેઓને આજદીન સુધી ખબર નથી.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ **અતુલકુમાર કાંતિલાલ ચોહાણ**ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા આશરે ૪/૭/૨૦૨૩ ના રોજ તેઓ આજરોજ વોકીગ કરવા જતો હોય બનાવના દીવસે તેઓ

તથા તેઓની પત્નિ બાલભંડી રોડ ઉપર ચાલવા જતા હતા ત્યારે કાલાવડ થી આશરે ૩ કિમી દુર થી કાલાવડ તરફ આવતા હતા ત્યારે એક સ્વીફ્ટ અને મો સા વચ્ચે અકસ્માત થયેલો. આ અકસ્માત નો અવાજ મેં સાંભળેલો બનાવ બનતા તેઓએ નજરે જોએલો નહી. બનાવ સમયે મો સા માં જેસંગભાઈ ખંઢેરા અને તેમના પત્નિ કંચનબેન મો સા માં બેસેલ હોય જેઓ અકસ્માત થતા ભાઈને કપાળના ભાગે લોહી નીકળતુ હતુ અને તેમના પત્નિને સામાન્ય છોલ છાલ થયેલી. આ અકસ્માતમા જે સ્વીફ્ટ ગાડીની વાત કરુ છુ તે ગાડીના નંબર જી જે ૩ એફ કે ૭૩૮૦ હતી. જેના ચાલક રમેશભાઈ તાળા હતા. રમેશભાઈ તાળા ઈજા પામનાર ને રીક્ષામાં દવાખાને લઈ ગયેલા અને તેઓ તેમના ઘરે આવી ગયેલા. ત્યારબાદ આ બનાવમા શું બનેલુ તે તેઓને ખબર નહીં. પોલીસે તેઓનો જવાબ લખેલો.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, બનાવાવાળો રસ્તો એ કાલાવડ તાલુકાના ઘણા ગામો ને જોડતો રોડ છે અને આ રોડ ઉપર રાહદારીઓ તથા વાહનોની અવર જવર સતત ચાલુ હોય છે. એ વાત કબુલ કરે છે કે, તેઓના અકસ્માતના બનાવ પછી અકસ્માત સ્થળે પહોચેલો તેથી ખરેખર બનાવ કેવી રીતે બનેલો તે તેઓ કહી શકીએ નહીં. અકસ્માતના બનાવ પછી બનાવના સ્થળે વીસેક રાહદારીઓ ભેગા થઈ ગયેલા. એ વાત કબુલ કરે છે કે, તેઓ તેમના પોલીસ રુબરુ ના નીવેદનમાં સ્વીફ્ટ ગાડી ના નંબર જી જે ૦૩ એફ કે ૭૩૮૦ લખાવેલ છે તેમજ ગાડીના ચાલક નું નામ રમેશભાઈ તાળા લખાવેલ છે તે હકીકત મેં અજાણયા ઈસમો પાસેથી વાતોવાતથી સાંભળેલી જેથી લખાવેલ છે. એ વાત કબુલ કરે છે કે, તેઓ આરોપીને કયારેય મળેલ નથી કે તેને ઓળખતો નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, ' ગઈ તા આશરે ૪/૭/૨૦૨૩ ના રોજ હું રજબરોજ વોકીગ કરવા જતો હોય બનાવના દીવસે તેઓં તથા તેમના પત્નિ બાલભંડી રોડ ઉપર ચાલવા જતા હતા ત્યારે કાલાવડ થી આશરે ૩ કિમી દુર થી કાલાવડ તરફ આવતા હતા ત્યારે એક સ્વીફ્ટ અને મો સા વચ્ચે અકસ્માત થયેલો' તે હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, 'બનાવ સમયે મો સા માં જેસંગભાઈ ખંઢેરા અને તેમના પત્નિ કંચનબેન મો સા માં બેસેલ હોય જેઓ અકસ્માત થતા ભાઈને કપાળના ભાગે લોહી નીકળતુ હતુ અને તેમના પત્નિને સામાન્ય છોલ છાલ થયેલી. આ અકસ્માતમા જે સ્વીફ્ટ ગાડીની વાત કરુ છુ

તે ગાડીના નંબર જી જે ૩ એફ કે ૭૩૮૦ હતી. જેના ચાલક રમેશભાઈ તાળા હતા. રમેશભાઈ તાળા ઈજા પામનાર ને રીક્ષામાં દવાખાને લઈ ગયેલા' તે હકીકત તેઓ ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ જણાવુ છુ તેવો કોઈ અકસ્માતનો બનાવ બનેલો નથી તેઓ સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૬) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે પંચ સાહેદ **ભાવેશભાઈ મનસુખભાઈ ગેડીયા ને આંક–૧૨** થી તથા બીજા પંચ સાહેદ **મુકેશભાઈ મુળજીભાઈ ગેડીયા** ને **આંક– ૧૪** થી તપાસેલ છે. આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર પંચનામું **આંક–૧૩** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદો તેઓની જુબાનીમાં ઈન્કવેસ્ટ પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા ઈન્કવેસ્ટ પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પં ચ સાહેદોની જુબાનીથી **આંક–૧૩** વાળું પંચનામું પુરવાર થતું નથી.

(૮.૭) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે પંચ સાહેદ **દીનેશભાઈ રમેશભાઈ વઘેરા ને આંક–૧૫** થી તપાસેલ છે. આ પંચસાહૈદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર પંચનામું **આંક–૧૬** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદો તેઓની જુબાનીમાં બનાવવાળી જગ્યાનું પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા બનાવવાળી જગ્યાનું પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી **આંક–૧૬** વાળું પંચનામું પુરવાર થતું નથી.

(૮.૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ **દેવાભાઈ માણાભાઈ ગેડીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા આશરે ૪/૭/૨૦૨૩ ના રોજ બનાવ બનેલો. બનાવના દીવસે તેઓ વિસાવદર તાલુકાના

બરેડીયા ગામે મારા ઘરે હતો ત્યારે તેમને જેસીગભાઈ દામજીભાઈના ઘરેથી ફોન આવેલો અને કહેલ કે બાલંભડી રોડે એકસીડન્ટ થયેલ છે આમ વાત કરતા તેઓં કાલાવડ સરકારી દવાખાને પહોંચેલો ત્યારે તેઓને જાણવા મળેલ કે તેઓ તેમને લઈને રાજકોટ સરકારી દવાખાને લઈ આવેલ છે આમ કહેતા તેઓ રાજકોટ સરકારી દવાખાને ગયેલો. જયાં તેમને ખબર પડેલ કે આ અકસ્માતમા ઈજા પામનાર જેસિંગભાઈનુ મરણ થયેલુ છે. આ બનાવ વિશે આથી વિશેષ મને કોઈ જાત માહીતી નથી. આ અકસ્માતના બનાવમા તેમને આજદીન સુધી અકસ્માત સમયે કોણ વાહન ચલાવતુ હતુ કે તેમનુ નામ શું હતુ ,કયુ વાહન હતુ તેની તેઓને જાત માહીતી નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ તેમને પોલીસ રુબરુના નીવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, ' બનાવના દીવસે હું વિસાવદર તાલુકાના બરેડીયા ગામે મારા ઘરે હતો ત્યારે મને જેસીગભાઈ દામજીભાઈના ઘરેથી ફોન આવેલો અને કહેલ કે બાલંભડી રોડે એકસીડન્ટ થયેલ છે આમ વાત કરતા હું કાલાવડ સરકારી દવાખાને પહોંચેલો ત્યારે મને જાણવા મળેલ કે તેઓ તેમને લઈને રાજકોટ સરકારી દવાખાને લઈ આવેલ છે આમ કહેતા તેઓ રાજકોટ સરકારી દવાખાને ગયેલો' એ વાત કબુલ કરે છે કે, આ અકસ્માતનો બનાવ મારા રુબરુ બનેલો ન હોય તે અંગે મને કોઈ જાત માહીતી નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ **લીલાબેન ધનજીભાઈ ગેડીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે એકાદ વરસ પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ રાજકોટ રહેતી હોય તેઓ ઘરે હતી ત્યારે તેઓ તેમના કુટુમ્બીનો ફોન આવેલો અને કહેલ કે, તેમના નણંદોયા જેસીગભાઈ દામજીભાઈનુ કાલાવડ ની આસપાસ અકસ્માત થયેલાનુ જાણવા મળેલુ. ત્યારબાદ તેમને લઈને રાજકોટ સરકારી દવાખાને લઈ આવેલ છે આમ કહેતા તેઓ રાજકોટ સરકારી દવાખાને ગયેલી. જયાં તેઓને ખબર પડેલ કે આ અકસ્માતમા ઈજા પામનાર જેસિંગભાઈનુ મરણ થયેલુ છે. આ બનાવ વિશે આથી વિશેષ તેઓ કોઈ જાત માહીતી નથી. આ

અકસ્માતના બનાવમા મને આજદીન સુધી અકસ્માત સમયે કોણ વાહન ચલાવતુ હતુ કે તેમનુ નામ શું હતુ ,કયુ વાહન હતુ તેની મને જાત માહીતી નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, તેઓના કયા કુટુમ્બીએ મને ફોન કરી બનાવની જાણ કરેલી તેનુ નામ મને હાલે યાદ નથી. એ વાત કબુલ કરે છે કે,` આ અકસ્માતનો બનાવ તેઓના રુબરુ બનેલો ન હોય તે અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮.૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ **નીતાબેન અતુલભાઈ ચૌહાણ** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા આશરે ૪/૭/૨૦૨૩ ના રોજ બનાવ બનેલો. બનાવના દીવસે તેઓ તથા તેઓના પતિ રોજ બરોજની જેમ વોકીગમા જતા હતા ત્યારે બાલભંડીના રસ્તે જે જગ્યાએ બાલભંડી ચાર કિમી લખેલો લેન્ડમાર્ક પથર આવેલો છે તે જગ્યાએ બનાવ બનેલો. બાલભુડી થી તેઓ તથા તેઓના પતિ કાલાવડ તરફ પરત આવતા હતા ત્યારે રોડ ઉપર એક ફોર વ્હીલર કાર તથા એક મો સા વચ્ચે અકસ્માતનો અવાજ આવતા અમોને અકસ્માત વિશે ખબર પડેલી. આ અકસ્માત થતા તેઓ બન્ને રોડ ની નીચે ઉતરી ગયા અને પડી ગયેલા. આ અકસ્માત બનેલો તે ફોર વ્હીલર સફેદ કલરની હતી જેના નંબર જી જે ૩ સીરીસ મને ખબર નથી. નંબર ૭૩૮૦ હતા. તેમને ચાલકને જોએલા નથી. આ ચાલકનુ નામ તેઓના પતિએ તેમને પુછેલુ જેથીત તેઓને જાણવા મળેલ કે તેમનુ નામ રમેશભાઈ હતુ. આ અકસ્માતના બનાવમા તેઓએ  જોએલ ન હોય એટલે ટુ વ્હીલરના ચાલકને કેટલી ઈજા થયેલી તેનો તેઓને ખ્યાલ નથી જે ચાલકને તેઓને ઓળખતી નથી તથા તેનુ નામ પણ તેમને ખબર નથી. તેઓ કોઈ પોલીસને જવાબ લખાવેલો નહીં.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોએલ નથી જેથી બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાત કબુલ કરે છે કે, ચાલકનુ નામ રમેશભાઈ છે તેવી જાણ તેઓને વાતો વાતોથી થયેલ છે. એ વાત કબુલ કરે છે કે, તેઓને પતિએ ચાલકના નામની પુછપરછ તેઓની હાજરીમા કોઈને કરેલ

નથી. એ વાત કબુલ કરે છે કે, તેઓ તેમની સરતપાસમા જણાવેલ હકીકત 'ફોર વ્હીલર સફેદ કલરની નંબર ૭૩૮૦ ની હતી' તે વાતની તેઓને વાતો વાતોથી જાણ થયેલ જેથી તેઓ જણાવુ છુ. એ વાત કબુલ કરે છે કે, બનાવવાળો રોડ એ ગ્રામ્ય વિસ્તારના ઘણા બધા ગામોને લાગુ પડતો રોડ છે અને આ રોડ ઉપર રાહદારીઓ તથા વાહનોની અવર જવર સતત ચાલુ હોય છે. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓની સરતપાસમા જણાવેલ હકીકત કે, 'ગઈ તા આશરે ૪/૭/૨૦૨૩ ના રોજ બનાવ બનેલો. બનાવના દીવસે તેઓ તથા તેમના પતિ રોજ બરોજની જેમ વોકીગમા જતા હતા ત્યારે બાલભંડીના રસ્તે જે જગ્યાએ બાલભંડી ચાર કિમી લખેલો લેન્ડમાર્ક પથર આવેલો છે તે જગ્યાએ બનાવ બનેલો. બાલભુડી થી તેઓ તથા તેમના પતિ કાલાવડ તરફ પરત આવતા હતા ત્યારે રોડ ઉપર એક ફોર વ્હીલર કાર તથા એક મો સા વચ્ચે અકસ્માતનો અવાજ આવતા અમોને અકસ્માત વિશે ખબર પડેલી' ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે,' આ અકસ્માત બનેલો તે ફોર વ્હીલર સફેદ કલરની હતી જેના નંબર જી જે ૩ સીરીસ તેઓને ખબર નથી. નંબર ૭૩૮૦ હતા. એ હકીકત ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ જણાવુ છુ તેવો કોઈ બનાવ બનેલો નથી.

**(૮.૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી સાહેદ **મહેન્દ્રભાઈ ચનાભાઈ પાનસુરીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ આજથી આશરે એકાદ વરસ પહેલા બનેલો. આ બનાવ ના દીવસે તેઓ તેમના બનેવી રમેશભાઈ બાવનજીભાઈ પોતાનીગાડી લઈને ડ્રાઈવર સાથે તેઓની વાડી એથી પાછા આવતા હતા ત્યારે બાલંભડી રોડ ઉપર સામેથી એક મો.સા. આવતુ હતુ જેનુ બેલેન્સ ન રહેતા મો.સા. પડી ગયેલુ. જયારે અમે ગાડી ઉભી રાખી અને જોયેલુ તો તેને લાગેલ હતુ. જેને તેઓ દવાખાને રીક્ષામા લઈ ગયેલો. જેમને દવાખાને દાખલ કરી અને હુ મારા ઘરે જતો રહેલો. સદર સાહેદ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય એપીપીશ્રીની મૌખીત વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૫૪ અન્વયે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટે પરવાનગી આપવામાં આવે છે.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળો કાલાવડ બાલંભડી રોડ એ ઘણાબધા ગામોને જોડતો રોડ છે અને આ રોડ ઉપર વાહનો તથા રાહદારીઓની સતત અવર જવર રહે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, અમે જે ગાડીમા આવતા હતા તે ગાડીમા તેઓ ડ્રાઈવર તથા તેઓના બહેન તથા બનેવી એમ ચાર વ્યકિતઓ હતા. અમે જે ગાડીમા આવતા હતા તે ગાડી ડ્રાઈવર ચલાવતો હતો.

(૮.૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ **ડો.રીના મયુરેશકુમાર પારીખ** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તા ૪/૭/૨૩ ના રોજ સીવીલ હોસ્પિટલ રાજકોટ ખાત ઈમરજન્સીમા ફરજ બજાવતી હતી ત્યારે કંચનબેન જાહાભાઈ ખંઢેરા નામના દર્દી મારી પાસે સારવાર માટે આવેલા. એમને હીસ્ટરીમા જણાવેલ તેઓ મો સા ઉપર હતા ત્યારે કોઈ ફોર વ્હીલર ના ચાલકે સાંજા છ વાગ્યે કાલાવડ થી બહાર નીકળતા રોડ પર ઠોકર મારેલ છે. દર્દીને નીચે મુજબની ઈજાઓ હતી, ઈજા નંબર ૧ : એમને છાતીમા દુખાવાની ફરિયાદ કરેલી. તેઓ તેમને સર્જીકલ વોર્ડ મા દાખલ કરી ત્યાં એકસરે પડાવામા આવેલા. જે નોર્મલ હતા. આ દર્દી તા ૫/૭/૨૩ ના રોજ સવારના ત્રણ વાગ્યે ડોકટરની સલાહ વિરુધ્ધ રજા લઈને જતા રહેલા. સારવાર સટીફીકેટ આજરોજ મારી સાથે લાવેલ છુ. જે રજુ દા આંક –૨૨ અને ૨૩ આપવામા આવે છે.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, કોઈ વ્યકિત મો સા ઉપર જતી હોય અને મો સા સ્લીપ થાય તો તેને સટીફીકેટમા દર્શાવેલ છે તેવી દુખાવાની ફરિયાદ થઈ શકે.

(૮.૧૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી ત.ક.અ **હીતેનકુમાર ભગવાનજીભાઈ વડાલીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા.૦૬.૦૭.૨૩ ના રોજ તેઓ પી.એસ.આઈ તરીકે કાલાવડ ટાઉન પો.સ્ટે.માં ફરજ પર હતા તે દમ્યાન ફરીયાદી કંચનબેન જેસીગભાઈ ખંઢેરા વાળાએ પો.હે.કોન્સ વી ડી ઝાપડીયા રુબરુ ફરીયાદ આપતા સદર ફરીયાદ પો.સ્ટે નાં પી.એસ.ઓ વી ડી ઝાપડીયાનાઓએ કાલાવડ ટાઉન પો.સ્ટે. ગુન્હા નં.૧૧૨૦૨૦૩૦૨૩૦૨૬૫ થી દાખલ કરતા, તેમજ તે અંગેની તપાસ અમારી તરફ ડેપ્યુટ કરતા અમોએ સ્થાનીક જગ્યાનું પંચો રુબરુ પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામુ

તપાસના કામે કબ્જે કરેલુ, લાગતા વળગતા સાહેદોના નીવેદનનો નોંધી, આગળની તપાસ માટે આર ટી ઓ ઓફીસ મા યાદી કરેલ અને ઈજા પામનારનું ઈન્જરી સર્ટી મેળવવેલ તથા મરણ જનારનો પી.એમ રીપોર્ટ તપાસના કામે મેળવી રજુ રાખેલ છે તેમજ તપાસ દરમ્યાન આ કામના આરોપી રમેશભાઈ બી તાળા નાઓને અટક કરી મુદર હરોળ જામીન મુકત કરેલ. ત્યારબાદ આ કામની તપાસ પી.આઈ વી.એસ.પટેલને સોપાતા તેઓએ તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટ મા ચાર્જશીટ કરેલ.

ઉલટ તપાસમાં આ ત.ક.અ. જણાવે છે કે, એ વાત કબુલ કરે છે કે, ફરીયાદીએ તેની ફરીયાદમાં આરોપીનું નામ તથા બનાવમા સંડોવાયેલ વાહનના નંબર જણાવેલ નથી. એ વાત કબુલ કરે છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યા એકઝીકયુટીવ મેજી. રુબરુ આરોપીની ઓળખ પરડે કરાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ પંચો રુબરુ પંચોના જણાવ્યા મુજબ પંચનામા કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ બનાવ સાથે સંકળાવેલ મહત્વના સાહેદોના નીવેદનો લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ સાહેદોના જણાવ્યા મુજબ નીવેદનો લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ બનાવ ની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ જણાવુ છુ તેવો કોઈ અકસ્માતનો બનાવ બનેલ ન હોવા છતા તેઓ સોગંદપર ખોટી જુબાની આપુ છુ. એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી વિરુધ્ધ પુરતો ન હોવા છતા ખોટી તપાસ કરેલ છે.

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય.

હાલના કામ આ કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય.

સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે.

**<u>આરોપાચેલ કલમોના આવશ્યક તત્વો :–</u>**

**<u>ઈ.પી.કો.કલમ–૨૭૯ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપી વાહન હાંકતો હતો અથવા તેના ઉપર સવાર હતો.

૨. તે જાહેર માર્ગ ઉપર હાકતો હતો અથવા સવાર હતો.

૩. તે અવિચારી અથવા બેદરકાર રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.

૪. એવી સવારી અથવા હાંકવાનું માનવ જીવન માટે ભયજનક હતું અથવા તેનાથી વાગવાનું અથવા ઈજા થવાનો સંભવ હતો.

**<u>ઈ.પી.કો. કલમ–૩૦૪ (અ) ના આવશ્યક તત્વો.</u>**

૧. કોઈપણ વ્યકિતનું મૃત્યું નિપજેલ હોય.

૨. આ મૃત્ય આરોપીની બેફામ પણે અથવા બેદરકારી પુર્વક આચરેલ કૃત્યના કારણે નિપજેલ હોય.

૩. આ મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ ન હોય.

**<u>ઈ.પી.કો.કલમ–૩૩૭ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપીના કોઈ કૃત્ય ધ્વારા માનવજીવન અથવા કોઈન વ્યકિતગત સુરક્ષા જોખમાય અને તેને ઈજા થાય.

**<u>ઈ.પી.કો.કલમ–૩૩૮ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપીના કોઈ કૃત્ય ધ્વારા માનવ જીવન અથવા કોઈની વ્યકિતગત સુરક્ષા જોખમાય અને તેને ગંભીર ઈજા થાય.

**<u>આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ ની સાથે કલમ–૧૭૭ વાંચતાં ફરીયાદ પક્ષે નીચે મુજબની વિગત પુરવાર કરવી જરૂરી છે.</u>**

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય તે રીતે વાહન ચલાવેલ છે.

૨. આરોપીએ કોઈ વ્યકિતને અકસ્માતમાં ઈજા કરેલ છે.

આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ઈ.પી.કો.કલમ–૨૭૯ ની વ્યાખ્યા ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

***Penal Code (45 of 1860), s. 279 NEGELIGENCE***

*Rash and negligent driving-Offence under-Igredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury must be established Mere carelessness of error of judgement not sufficient Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused - Bare statement that vehicle was being driven in high speed not sufficient - Accused entitled for acquittal.*

*"Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riging on a public way in rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, It must be established that the accused was driving the vehicle on al public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement.*

*The essential ingredients of Section 279 are:*

*(i) Rash and negligent driving or riding on a public way.*

*(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Section 279 or 304 A, rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304 A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgement, Distinction between rashness and negligence is that negligence connotes want*

*of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequences.*

(૧૦) હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭, ૧૮૪, ૩૪ મુજબના ગુનાનું તહોમત છે. આ કામે થયેલ ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીચાદી તથા તેમના પતિ મરણજનાર જેસીંગભાઈ તેમનું મોટર સાઈકલ લઈને કાલાવડ થી દડવી ગામ મુકામે જતા હતા ત્યારે આ કામના આરોપી એ પોતાની હવાલા વાળી ફોર વ્હીલ કાર જેના રજી. નંબર જી.જે.૦૩.એફ.કે.૭૩૮૦ વાળી પુરઝડપે બેફીકરાઈથી ગફલતભરી રીતે ફરીયાદી ના પતિ ની મોટર સાઈકલ સાથે ભટકાડી ને આ કામના ફરીયાદી ને શરીરે ઈજાઓ કરેલ અને ફરીયાદી ના પતિ ને પણ ઈજાઓ કરી તેનું મૃત્યુ નીપજાવી નાશી જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ કરવામાં આવેલ છે.

આ કામે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવો જોવામાં આવે અને તેનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવે તો, સૌ પ્રથમ ફરીયાદીએ આપેલ પુરાવા ઉપરથી તેઓ તથા તેમના પતિ મોટર સાઈકલ વાહન માં દડવી ગામ મુકામે જતા હતા ત્યારે સાંજે છ વાગ્યાની આસપાસ એક સફેદ કલરની મારૂતી ફોર વ્હીલર ગાડી ના ચાલકે સામેથી આવી તેઓ ના મોટર સાઈકલ સાથે અકસ્માત કરેલો અને અકસ્માત માં તેઓ પડી ગયેલ અને તેઓને સામાન્ય ઈજાઓ થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં, હાલ ના ફરીયાદી જણાવે છે કે અકસ્માત થતા તેઓ બેભાન થઈ ગયેલા અને તેમના પતિ ને કયા લાગેલુ તે તેમને ખબર નથી. વધુમાં, ફરીયાદી એ સરતપાસ માં જણાવેલ છે કે અકસ્માત માં સામે જે ફોર વ્હીલર ગાડી હતી તેના નંબર તેમને ખબર નથી કે તેઓ ચાલક ને જોયેથી ઓળખી શકે નહી તેમજ અકસ્માતનો બનાવ કોની બેદરકારી ના કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. આમ, બનાવ સમયે ફરીયાદી સ્થળ પર હાજર હતા પરંતુ તેઓ બેભાન થઈ ગયેલ જેથી તેઓ બનાવ વાળો અકસ્માત કોની બેદરકારી થી બનેલ તે તેઓ કહી ન શકે હોવાનું ફલીત થાય છે. જેથી હાલ ના ફરીયાદી ના પુરાવા પર થી બનાવ વાળો અકસ્માત હાલ ના આરોપી ની બેદરકારી થી કે ગફલતભરી વાહન ચલાવવાથી થયેલ હોવાની કોઈ

હકીકતો જણાઈ આવતી નથી. આમ, ફરીયાદીએ પોતાના મૌખીક પુરાવા પર થી આ કામના આરોપીએ તેઓના હવાલા વાળી ફોર વ્હીલર કાર પુર ઝડપે અને બેફીકરાયથી ચલાવી તેમના પતિ ના મોટર સાયકલ ને ઠોકર મારી અકસ્માત કરી ફરીયાદી ને ઈજાઓ કરી તેમજ તેમના પતિ ને ઈજા કરી મોત નીપજાવેલ હોય તેવી કોઈ માનવા લાયક હકીકતો ફલીત થતી નથી. જેથી ફરીયાદીએ આપેલ મૌખીક પુરાવાથી ફરીયાદ પક્ષ ને સમર્થન કારક કોઈ હકીકતો પુરવાર થતી જણાતી નથી. જેથી ફરીયાદી ની આંક–૬ વાળી ફરીયાદ પુરવાર થતી નથી.

(૧૦.૧) ત્યારબાદ, ફરીયાદપક્ષ ધ્વારા આ કામના સાહેદ નરેન્દ્રભાઈ, નાથાભાઈ, લખનભાઈ, લાલજીભાઈ, દેવાભાઈ તથા લીલાબેન ને તપાસેલ છે કે જેઓ મરણજનાર ના સગા વ્હાલા અને તેનું હિત ધરાવતા સાહેદો છે. જે તમામ સાહેદો ને બનાવ અંગેની જાણ ફોન થી તેમજ અન્ય વ્યકિત થી થયેલ હોવાનુ જણાવેલ છે. જેથી બનાવ સમયે ઉપરોકત તમામ સાહેદ અકસ્માત સ્થળે થી દુર તેમના કાર્યક્ષેત્ર તથા રહેઠાણ પર હતા. જેથી હાલ ના તમામ સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી. હાલ ના તમામ સાહેદો ધ્વારા આપવામાં મૌખિક પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે અને તારીખે મરણ જનાર જેસીંગભાઈ નુ ફોરવ્હીલર કાર સાથે અકસ્માત થયેલ હોવાની હકીકતો ને સમર્થન પ્રાપ્ત થાય છે. પરંતુ તમામ સાહેદો ના પુરાવા પર થી હાલ ના આરોપી ધ્વારા જ તેઓની બેદર કારી તથા ગફલત ભર્યા વાહન ચાલાકી થી અકસ્માત કરી મરણ જનાર જેસીંગભાઈ નું મોત નિપજાવેલ હોય તેવો કોઈ લેશમાત્ર માનવાલાયક પુરાવા થી સાબિત કે પુરવાર થતુ નથી. જેથી ઉપરોકત તમામ સાહેદો નો પુરાવો ફરીયાદ પક્ષે સમર્થનકારક બનતો નથી. તે સીવાય, ફરીયાદ પક્ષ ધ્વારા બનાવ વાળી જગ્યા પર વોકીંગ માટે નીકળેલ સાહેદ અતુલભાઈ કાન્તિલાલ ચૌહાણ તથા તેમના પત્નિ નીતાબેન અતુલભાઈ ચૌહાણ ને તપાસેલ છે. સદર બંને સ્વતંત્ર સાહેદો છે. જેઓ પોતાની સોગંદ પર ની જુબાની માં જણાવે છે કે તેઓ બનાવ ના દીવસે અને સમયે બાલંભડી ના રસ્તે વોકીંગ કરવા નીકળેલ ત્યારે રોડ પર એક ફોર વ્હીલર કાર તથા મો.સા વચ્ચે અકસ્માત નો અવાજ આવતા તેઓને અકસ્માત ની જાણ થયેલ અને અકસ્માત માં જેસંગભાઈ તથા તેમની પત્નિ કંચનબેન ને ઈજાઓ થયેલ તેમજ સ્વીકૃત ગાડી ના નંબર જી.જે.૦૩.એફ.કે.૭૩૮૦ હતા અને તેના ચાલક રમેશભાઈ તાળા હતા અને આ

રમેશભાઈ ઈજા પામનાર ને રીક્ષા માં દવાખાને લઈ ગયેલ. આમ, ઉપરકોત બંને સાહેદો ના પુરાવા પર થી બનાવ સ્થળે અને બનાવ સમયે ફરીયાદી તથા તેમના પતિ નું મોટર સાઈકલ નું તથા સ્વીકૃત ગાડી ના ચાલક આરોપી વચ્ચે અકસ્માત થયેલ હોવાનું ફલીત થાય છે. પરંતુ તેઓએ પોતાની સરતપાસ માં જણાવેલ છે કે તેઓને અકસ્માત નો અવાજ આવતા જાણ થયેલ અને **અકસ્માત બનતા નજરે જોયેલ નથી**. આમ, ઉપરકોત બંને સ્વતંત્ર સાહેદો ના પુરાવા પર થી પણ હાલ નો અકસ્માત નો બનાવ આ કામના આરોપી ની બેદરકારી થી બનેલ હોય તેવું કોઈ સ્પષ્ટ માનવાલયક પુરાવા થી પુરવાર થતુ નથી. જેથી હાલ ના સાહેદોએ આપેલ પુરાવો પણ ફરીયાદ પક્ષ ના કેસ ની હકીકતો ને મદદકારક બનતો નથી. ત્યારબાદ, ફરીયાદપક્ષ ધ્વારા ફોર વ્હીલર ગાડી માં બેઠેલ સાહેદ મહેન્દ્રભાઈ ચનાભાઈ પાનસુરીયા ને તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ તથા તેમના બનેવી એટલે કે હાલ ના આરોપી તથા ડ્રાઈવર ગાડી લઈ ને આવતા હતા ત્યારે બાલંભડી રોડ ઉપર સામેથી એક મો.સા. આવતુ હતુ અને તેઓને બેલેન્સ ન રહેતા મો.સા. પડી ગયેલ. વધુમાં, સદર સાહેદ ની ઉલટતપાસ માં તેઓએ સ્વીકારે છે કે બનાવ સમયે ફોરવ્હીલર ગાડી ડ્રાઈવર ચલાવતા હતા. આમ, સદર સાહેદ હોસ્ટાઈલ સાહેદ છે પરંતુ તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે તેઓના બનેવી એટલે કે હાલ ના આરોપી ગાડી ચાલવતા ન હતા. આમ, હાલ ના સાહેદ ના પુરાવા પર બનાવ સમયે ખરેખર કોણ ફોર વ્હીલર ગાડી ચલાવતા હતા તે અંગે શંકા ઉપસ્થીત થયેલ છે. તે સીવાય ફરીયાદપક્ષ ધ્વારા બનાવ જનરે જોનાર કોઈ સાહેદો ને તપાસેલ નથી.

(૧૦.૨) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૧ થી તબીબી સાહેદ ને તપાસેલ છે. જેમાં હાલ ના ફરીયાદી એ સારવાર લીધેલ ની હકીકત જણાઈ આવે છે. જેમાં તેઓ હિસ્ટ્રી માં જણાવેલ છે કે તેઓ મોટર સાઈકલ માં હતા અને ફોર વ્હીલર ના ચાલકે ઠોકર મારેલ છે. પરંતુ, તેમાં કોઈ ચાલક હતુ ? કેવી રીતના ઠોકર મારેલ ? કોની બેદરકારી હતી ? તેવી કોઈ વિશેષ હકીકતો જણાવેલ નથી. જેથી તબીબી પુરાવા પર થી આ કામના ફરીયાદી ને અકસ્માત માં ઈજા થવાથી શરીર ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ સદર ઈજાઓ હાલના આરોપી ધ્વારા થયેલ હોય તેવુ લેશમાત્ર ફલીત થતું નથી. આ

ઉપરાંત, સદર ગુન્હાની તપાસ કરનાર અમલદાર ને આંક–૨૭ થી તપાસેલ છે. જેઓ ધ્વારા તેમની ફરજ ની ભાગરૂપે કરવામાં આવેલ કામગીરી અને તે લગત કરેલ તપાસ ની હકીકતો જણાવેલ છે. સદર ત.ક.અ. ની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓ એ હકીકતો નો સ્વીકાર કરેલ છે કે તપાસ દરમ્યાન એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ ધ્વારા થયેલ અકસ્માત ને નજેર જોનાર કોઈ સાક્ષી નો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી આક્ષેપિત ગુન્હા સબબ આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષ ને સમર્થન કારક કોઈ હકીકતો પુરવાર થતી જણાતી નથી. આમ, ફરિયાદપક્ષને ઉપયોગી નિવડે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોવાનુ ફલિત થતુ નથી.

**(૧૧)** વિશેષમાં, વધુમાં આ કામે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી એ બનાવવાળી જગ્યાનું પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામું રજુ રાખેલ છે પરંતુ ફરીયાદ પક્ષે સદર પંચનામાઓના પંચસાહેદોને તપાસતા સદર પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમજ પંચનામાઓની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રીફર કરેલ નથી. આમ, ફરીયાદપક્ષે આપેલ મૌખિક પુરાવો હાલ ના તમામ દસ્તાવેજી પુરાવા ની હકીકતો સાથે સાંકળતો નથી કે ફરીયાદ પક્ષ ની ફરીયાદ ને સમર્થનકારક બનતો નથી. જેથી રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ માનવાલાયક પુરાવા થી પુરવાર થયેલ નથી. આમ, સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો જેવા કે રેશ, નેગ્લીજન્સી કે આઈડેન્ટીટી પુરવાર થયેલ નથી. આક્ષેપિત વાહન અકસ્માતના બનાવમાં નજરે જોનાર કોઈ સાહેદો ને તપાસેલ નથી. હાલના આરોપી જ આક્ષેપિત ગુન્હાના કામે સંડોવાયેલ હતા તેવો પણ કોઈ સ્પષ્ટ કે માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે જોતાં બનાવમાં, ઉપજતી શંકાનો લાભ આરોપી ને મળવા પાત્ર બની રહે છે. હાલના બનાવમાં, ફરીયાદીની ફરીયાદવાળો બનાવ બનેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ સદર મરણ જનાર નું મૃત્યુ હાલના આરોપીના ગફલતભર્યા અને બેફામ તેમજ બેદરકારી ભર્યા ડ્રાઈવીંગથી થયેલ હતું તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદન્તર નિષ્ફળ ગયેલ છે.

**(૧૨)** ઉપરોકત સમગ્ર વિગતે ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે બનાવમાં ઉપજતી શંકા નો લાભ આરોપી ને મળવાપાત્ર રહે છે. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓ થી આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય, ઉપસ્થિત મુદા નં.૧ પરત્વે મારો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આરોપી ને ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીને સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) અન્વયે રૂા.૧૦,૦૦૦/– ( અંકે રૂપિયા દસ હજાર પુરાના ) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૨ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૨/૦૪/૨૦૨૬**
**કાલાવડ.**

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**કાલાવડ.**
**(જજ કોડ નંબર – GJ01749)**